3 કો. સ્ટેન

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ
લિ.ગાંધીનગરને વહીવટી ગ્રાન્ટ
ફાળવવા બાબત. (બીજો હપ્તો)
રૂ.૨૫.૦૦ લાખ વર્ષ ૨૦૧૮-૧૯
ઓગસ્ટ-૨૦૧૮ થી નવેમ્બર-૨૦૧૮

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૦૫/૧૦૨૫/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- /૧૦/૨૦૧૮
15 OCT 2018

વંચાણમાં લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૭/૧૦૧૧૧૭/બ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૯/૦૫/૧૮નો ઠરાવ

(૩) એમ.ડી. ગુજરાત ગોપાલક વિકાસ નિગમનો તા.૦૩/૧૦/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃ ગુગો/મકમ/૧૯૯૬૩-૬૪/૨૦૧૮

ઠ રા વઃ-

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.ગાંધીનગર માટે વહીવટી ગ્રાન્ટ પેટે સને ૨૦૧૮-૧૯ ના વર્ષના અંદાજપત્રમાં રૂ.૭૫.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના આ વિભાગના તા.૧૯/૦૫/૨૦૧૮ના ઠરાવથી એપ્રિલ-૨૦૧૮ થી જુલાઇ-૨૦૧૮ના સમયગાળા માટે પ્રથમ હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખ (અંકે રૂપિયા પચીસ લાખ પુરા) વહીવટી ગ્રાન્ટ નિગમને ફાળવવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના પત્રથી એમ.ડી. ગુજરાત ગોપાલક વિકાસ નિગમે બાકી રહેતી રૂ.૫૦.૦૦ લાખ વહીવતી ગ્રાન્ટ ફાળવવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં ગુજરાત ગોપાલક વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ તરીકે કરવામાં આવેલ બજેટ જોગવાઇ રૂ.૭૫.૦૦ લાખ (અંકે રૂપિયા પંચોતેર લાખ પુરા) પૈકી ઓગસ્ટ-૨૦૧૮ થી નવેમ્બર-૨૦૧૮ના સમયગાળા માટે બીજા હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખ (અંકે રૂપિયા પચીસ લાખ પુરા) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત ગોપાલક વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

(૨) સને ૨૦૧૮-૧૯ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૫) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૬) નવી સેવાઓના સંદર્ભમાં નાણાં સલાહકારશ્રી/નાણાં વિભાગની મંજુરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૭) આ મંજુરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમો અનુસાર કરવાની રહેશે.

(૮) જગ્યાઓ ચાલુ રાખવા બાબતે સક્ષમ અધિકારીની મંજુરી બાદ જ ખર્ચ કરી શકાશે.

(૯) આ અંગેનો ખર્ચ સને ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં મંજુર થયેલ જોગવાઇ સામે ઉધારવાનો રહેશે.

(૧૦) હવે પછીની મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છૂટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

૩. આ હુકમો આ વિભાગની બજેટ શાખાની ફાઇલ ક્રમાંકઃબજટ/૧૦૨૦૧૭/૧૦૧૧૧૭/બ પર નાણાં વિભાગની મળેલ વહીવટી મંજૂરી અન્વયેના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૧૧/૦૪/૨૦૧૮ના ઠરાવ તથા સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૧૧/૧૦/૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ.એમ.ઘાંચી )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

નકલ રવાના:-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૧૮